વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ફબ્રુઆરી, ૨૦૨૩ Vol. 17 No. 2

# રેશનાલીસ્ટોનું એક અભુતપુર્વ સંમેલન



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

## યજ્ઞ પ્રકાશનના
# 'કોરોના મહામારી' પુસ્તકમાં પ્રગટેલા કેટલાંક સત્યો

મુડીવાદ માત્ર અકરાંતીયો જ નથી; તેનું રાજ્ય અને ધર્મ સાથેનું પરસ્પર મેળાપીપણું જે તે દેશોના આમ નાગરીક માટે ભારે પીડાદાયક અને ક્યારેક વીનાશક પણ નીવડે છે. આનો અર્થ એ થયો કે હવેનો વૈશ્વીક મુડીવાદ વૈશ્વીક આપત્તી જ સર્જી રહયો છે.

-રોહીત શુકલ

*　　*　　*

**કેટલાક સત્યશોધકો**

**(૧) જેનર એડવર્ડ (૧૭૪૯–૧૮૨૩)**

જન્મ તારીખ : ૧૭ મે-૧૭૪૯, જન્મ સ્થળ : ગ્લાઉસેસ્ટર શાયર, ઇંગ્લેન્ડ

તેમણે શીતળા રોગનાં કારણો જાણ્યાં. રોગ-પ્રતીબંધક રસી મૂકવાની ક્રીયાને જેનરે 'વેક્સીનેશન' એવું નામ આપ્યું. શીતળાની સામેની રોગ પ્રતીકારક રસી શોધી. આને કારણે આજે સમગ્ર વીશ્વે શીતળા રોગથી મુકતી મેળવી છે. ૨૬ જાન્યુઆરી, ૧૮૨૩ના રોજ તેમનું મૃત્યુ થયું.

**(૨) પાશ્ચર લુઈ (૧૮૨૨–૧૮૯૫)**

જન્મ તારીખ : ૨૭ ડીસેમ્બર-૧૮૨૨, જન્મ સ્થળ : દોલ, ફ્રાન્સ

ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી, જેમણે સુક્ષ્મ જીવાણુથી હવાની હાજરીમાં આથવણ થઈ શકે છે તે સાબીત કર્યું. જેને અમુક તાપમાને ગરમ કરવાની આ જીવાણુનો નાશ થાય છે, જેને 'પેશ્ચ્યુરાઈઝેશન' કહેવામાં આવે છે. આથી દુધ વગેરે બગડતું અટકાવી શકાય છે. ઉપરાંત, એમણે કોલેરા જેવા રોગની સારવારની જાણકારી આપી. હડકાયું કુતરું કરડે ત્યારે હડકવા ઉપડે છે. તેના પ્રતીકાર માટેની રસી શોધી કાઢીને પેરીસમાં પાશ્ચર ઈન્સ્ટીટયુટનો પાયો નાંખ્યો. માનવજાતના વીકાસમાં તેનું પ્રદાન રહ્યું છે. ૨૮ સપ્ટેમ્બર ૧૮૯૫ના રોજ તેમનું અવસાન થયું .

**(૩) ઈગ્નાઝ ફીલીપ સેમીલ્વીઝ (૧૮૧૮–૧૮૬૫)**

હંગેરીયન ચીકીત્સક જેમણે ચેપી (સંક્રમક) રોગોથી રક્ષણ મેળવી શકાય તે માટે જંતુનાશક ઔષધો અંગે જણાવ્યું હતું. દર્દીને સારવાર આપતા પહેલાં જંતુનાશક ઔષધોથી હાથ સાફ કરવાનું જણાવેલ, જેથી તે સમયમાં નવજાત બાળકોનાં મૃત્યુનું પ્રમાણ ઘટાડી શકાયું. માત્ર બે વર્ષમાં મૃત્યુઆંક ૧૧.૪ ટકા હતો તેની જગ્યાએ ૧.૨૭ ટકા બની ગયો. ૧૭ ઓગસ્ટ ૧૮૬૫ માં તેમનું અવસાન થયું.

(યજ્ઞ પ્રકાશનના 'કોરોના મહામારી વ્યાપક અસરો અને પર્દાફાશ' પુસ્તકમાંથી)

**સત્યાન્વેષણ**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ | સળંગ અંક : ૩૭૫ | Vol. 17 No. 2

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## રેશનાલીસ્ટોનું એક અભુતપુર્વ સંમેલન

**–સુર્યકાન્ત શાહ**

ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન અને ગોધરાના હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશનના સંયુકત ઉપક્રમે તા. ૨૮-૨૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ રેશનાલીસ્ટોનું સંમેલન ગોધરામાં યોજાઈ ગયું. આ સંમેલનમાં એક પછી એક યોજાયેલી બેઠકોમાં વકતાઓએ અને શીબીરીર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આગળ વધીને એમણે એમના વીચારો અને અનુભવોનાં અમૃત એટલાં બધાં અને એટલી ઉંચી ગુણવત્તાવાળા પીરસ્યાં કે જાણે બે દીવસમાં તો મગજ તરબતર થઈ ગયું ! હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશનના પ્રાણસ્વરુપ જો કોઈ હોય તો તે 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત ડો. સુજાત વલી છે. તેઓશ્રી અને એમની ટીમે બહારગામથી આવેલા લગભગ ૧૨૫ શીબીરાર્થીઓનાં રોકાણ, ભોજન, અવરજવરની એટલી ક્ષતીરહીત વ્યવસ્થા કરી કે જેથી શીબીરાર્થીઓનેં વારંવાર ગોધરા જવાની ઈચ્છા થાય ! આ બાહ્ય વ્યવસ્થા ક્ષતીરહીત હતી ! બીજી બાજુ, અંદર વકતાઓ અને શીબીરાર્થીઓ પોતાના વીચારો અને અનુભવના નીચોડ પુરી ક્ષમતા અને મોકળાશથી દર્શાવી શકયા. બે દીવસમાં વીક્રમસર્જક દશ બેઠકો થઈ.

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

તા. ૨૮મીની પહેલી બેઠક નીતા હાર્ડીકરના પ્રવચનથી શરુ થઈ. એમણે સત્તાનો ઉપયોગ સમાજના બધા અને તેમાં યે ખાસ કરીને નબળા વર્ગોના સશકતીકરણ માટે કરવાનો અનુરોધ કર્યો. ત્યારબાદ આ સંમેલનમાં ટેકનોલોજીનો અદ્‌ભુત ઉપયોગ કરવામાં આવ્યો. આપણા બીપીન શ્રોફ સંમેલન સમયે અમેરીકાના શીકાગોમાં હતા. શામ પીત્રોદા પણ શીકાગોમાં રહે છે. બીપીન શ્રોફ એમનો સંપર્ક સાધી સંમેલનમાં હાજર શીબીરાર્થીઓ સાથે વાર્તાલાપ કરવા એમને સંમત કરી શકયા. તદ્‌નુસાર સ્ટેજ પરના સ્ક્રીન દ્વારા શામ પીત્રોદાએ ટેકનોલોજી થકી રેશનાલીઝમ તરફ કેવી રીતે જઈ શકાય તે બીજી બેઠકમાં સમજાવ્યું. પ્રશ્નોત્તરી પણ થઈ ! હાર્ડીકર અને શામ પીત્રોદા સાથેના વાર્તાલાપ વચ્ચેના થોડા સમયનો પણ બગાડ નહીં થાય તે વલી અને સાથીઓએ જોયું. તે દરમીયાન કેટલાક શીબીરીર્થીઓએ પોતાના વીચારો દર્શાવ્યા હતા.

ત્યારબાદ ત્રીજી બેઠક મનીષી જાનીના પ્રમુખપદે યોજાઈ. તેમાં હેમંત શાહે વીવેકબુદ્ધીવાદને તીક્ષ્ણ કરવા તર્કના ઉપયોગને સમજાવ્યો. ત્યારબાદની ચોથી બેઠકમાં સુર્યકાંત શાહે વૈજ્ઞાનીક ઉપપત્તી (Theory) અને સીદ્ધાંતોમાં થતા અપવાદ અને એ અપવાદનું વીજ્ઞાનની યાત્રામાં યોગદાન સમજાવ્યું હતું.

ભોજન બાદ ડંકેશ ઓઝાના પ્રમુખપદે યોજાયેલી પાંચમી બેઠકમાં જગદીશભાઈ બારોટે સરમુખત્યારશાહીમાં રેશનાલીઝમ કેવી રીતે રુંધાતું હોય છે તે જણાવ્યું. ડૉ. સુજાત વલીએ ટુંકી ફીલ્મો દ્વારા નીર્જીવમાંથી પેદા થતા સજીવ અને ડાર્વીનના ઉત્ક્રાંતીવાદને સમજાવ્યો. ત્યારબાદની છઠ્ઠી બેઠકમાં રમેશ સવાણીએ માણસને ‘માણસ’ તરીકે પીછાનવાથી સમાજમાંથી ઘણા અનીષ્ટો દુર થશે તેવું મંતવ્ય પ્રગટ કર્યું હતું. છેવટે સાતમી બેઠકમાં ગીરીશ સુંઢીયાએ ધર્મની વીભાજન શકતીને સમજાવી હતી. આમ પહેલા દીવસે વલીના ટુંકા ચલચીત્રો ઉપરાંત સાત-સાત બેઠકોનું ભાથુ લઈને શીબીરાર્થીઓ વલીએ કરેલ રહેઠાણ વ્યવસ્થા અનુસાર પોતપોતાના રહેઠાણો, અલબત્ત ભોજન લઈને, ગયા હતા.

તા. ૨૯-૧-૨૩ના રોજ સવારે ૮-૧૫ થી બેઠકોનો દોર શરુ થઈ ગયો હતો. આઠમી બેઠકમાં યુવાન રેશનાલીસ્ટ વીક્રમ વજીદે ભગતસીંહના ‘ક્રાંતી અમર રહો’ના સુત્રનો મર્મ સમજાવ્યો હતો. ભાવીક રાજાએ ભગતસીંહના ક્રાંતીકારી થવાની સમગ્ર પ્રક્રીયાનું સુપેરે

(વધુ પાના નં.-૪ ઉપર)

# આપણને અંધશ્રદ્ધા મુકતી કયારે મળશે ?+

**–તંત્રી લેખ**

દેશ અને દુનયામાંથી અંધશ્રદ્ધા કુરીવાજો નાબુદ થતાં હજુ વાર લાગશે એવું લાગે છે. અમેરીકાની યુનીવર્સીટીની પ્યુ રીસર્ચ કંપનીએ વીશ્વના ૯૫ દેશોમાં ૨૦૦૮ થી ૨૦૧૭ દરમ્યાન અસંખ્ય લોકોના સર્વે કર્યા. તે મુજબ ૧૦૦ કરોડથી વધુ લોકો જાદુટોણામાં માને છે, અને ૪૦% લોકો ડાકણ ચુડેલ જેવી બાબતોમાં માને છે. સ્વીડનમાં આ માનવાનું પ્રમાણ માત્ર ૯% છે, તો ટયુનીશીયામાં ૯૦% છે. આવી માન્યતા પાછળ સામાજીક સુરક્ષા, શીક્ષણ, સાંસ્કૃતીક માન્યતાઓ, વરસાગત બાબતો, આર્થીક બાબતો જોડાયેલી હોય છે. આપણા દેશમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ ઘટયું હોવા છતાં આજકાલ એવી ઘટનાઓ બની રહી છે તે જોતાં લાગે કે આપણી પણ કેવી દારુણ સ્થીતી છે !

થોડા મહીનાઓ પહેલા કતારગામની મહીલા જયશ્રી ગંગારામને અંધશ્રદ્ધાને કારણે આત્મહત્યા કરવી પડી હતી. પૈસા ડબલ કરવાની લાલચે તેના ધર્મનો ભાઈ અને ભુવો તાંત્રીક એવો ખુશાલ ગુલાબ (સીંગણપોર) ૬ લાખ રૂા. પડાવીને ગુમ થઈ ગયો. એ આઘાતથી જયશ્રીબેને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. આવી જ એક ઘટના કેરલ-તીરુવન્તપુરમ પાસે બની હતી. નાણાકીય સમૃદ્ધ થવા માટે મોહમ્મદ અને તેની પત્નીએ બે મહીલાઓ પદ્મા અને રોસીલીનની હત્યા કરી તેનું લોહી ઘરમાં છાંટી, માંસને રાંધીને ખાધુ, અને શરીરના ૫૬ ટુકડા ઘર પાસે દાટયા.

ફીલ્મનું શુટીંગ કરવાને બહાને મૃતક બંને મહીલાઓના હાથપગ બાંધી હત્યા કરી હતી. આ કેવી કરુણ ઘટના છે જેનો વીરોધ કરવા રેશનાલીઝમની ઘણી સંસ્થાઓ અવારનવાર લોકજાગૃતી માટે તથા સરકારને કાયદાકીય સખ્તાઈથી અંદાશ્રદ્ધાપ્રેરક લોકો સામે કાર્યવાહી કરવા ધ્યાન દોરે છે, પણ હજુ તેના જોઈએ તેટલાં પરીણામો જોવા મળતા નથી. સરકાર ભલે લોકોની ધાર્મીકતા, ઈશ્વર-અલ્લાહ વગેરેની માન્યતા કે શ્રદ્ધા માટે જે કંઈ કરવું હોય તે કરે, પણ અંધશ્રદ્ધાથી બનતી આવી ઘટનાઓ સામે તેવી કાયદાકીય જોગવાઈ કે લોકજાગૃતી માટે તો કાર્યવાહી કરી જ શકે. શાળાઓમાં સામાજીક વીજ્ઞાન વીષય શીખવાય છે તેમાં પણ અંધશ્રદ્ધા અંગેનો એકાદ પાઠ અભ્યાસક્રમમાં સમાવવામાં આવે, એમ કરીને તેમને શીક્ષણ આપી શકાય.

(ચાલુ પાનાં.-૨ નું)

દર્શન કરાવ્યું હતું. સીદ્ધાર્થ દેગામીએ યુવાનોને ભગતસીંહ જેવા થવા હાકલ કરી હતી. છેવટે પીયુષ જાદુગરે આસ્તીકો અને સંતો રેશનાલીસ્ટોનાં જીવન-કવનનું અપહરણ કરી નહીં જાય તેની સાવચેતી રાખવાનો, ભગતસીંહના અંતીમ દીવસોમાંથી મળતા બોધપાઠને સમજાવ્યો હતો. ભોજન બાદ તરત ડો. સુજાત વલીએ ટુંકી ફીલ્મોની મદદથી અંધવીશ્વાસ વીરુદ્ધની લડત કેવી રીતે લડાય તે સમજાવ્યું હતું. મનીષી જાનીના સુચનાનુસાર નવમી ભેઠકમાં સર્વે શીબીરાર્થઓએ પોતપોતાના વીચારો, અનુભવો અને તેનાથી મળતા સંદેશા ખુબ અસરકારક રીતે સમજાવ્યા હતા. છેવટની દશમી બેઠકમાં સમાપન અને બે દીવસની કાર્યવાહીનાં અવલોકન થયા હતા. દરેક શીબીરાર્થીને મળેલ 'કીટ'માં 'સત્યાન્વેષણ'ના અંક મુકવામાં આવ્યા હતા. બે દીવસ દરમીયાન સભાના પ્રકાશનોનું ખુબ વેચાણ થયું હતું.

(નોંધ : દરેક બેઠકમાં વકતાઓએ અને અન્યોએ ખુબ વીચારભાથુ આપ્યું હતું. એમના વીચારોના ટુંક સાર હવે પછીના 'સત્યાન્વેષણ'ના અંકોમાં પ્રસીદ્ધ કરવામાં આવશે. ડો. સુજાત વલીના ટુંકી ફીલ્મો સાથેના પ્રગટ થયેલ વીચારોને આ અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે.-સુ.)

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

## માનવ શરીરમાં ફેરફાર આવશે ?

હોકીંગ જણાવે છે કે હમણાં આપણા આર્થીક હીતો સીદ્ધ કરવા આપણે વનસ્પતી અને પ્રાણીઓમાં શરીરમાંના જનીન ફેરવીએ છીએ. એમના જનીન ફેરવવા પાછળ જે વૈજ્ઞાનીક સીદ્ધાંત અને ટેકનોલોજી કામ કરે છે, તે જ માનવ શરીરમાંના જનીનને ફેરવવામાં કામે લાગી શકે એમ છે. સંશોધનો અને ટેકનોલોજીની આગળ વધવાની ગતી બેસુમાર છે, એ રોકી શકાતી નથી. આથી માનવ-શરીર-પરીવર્તન કરવું સલાહભરેલું છે કે કેમ તે સવાલ અસ્થાને છે. એ કરવું તે ખરું કે ખોટું જે હોય તે, એ થઈને જ રહેશે. આથી હમણાંના માનવ-શરીર કદાચ સંગ્રહસ્થાનમાં મુકવા પડે એટલા અપ્રસ્તુત બની જાય અને તદ્દન નવાં જ જનીનવાળાં શરીર આવતા ૩૦૦-૩૫૦ વર્ષમાં પેદા થાય એવી સંભવીતતા છે. અલબત્ત, જળ-વાયુ પરીવર્તનનું ત્યાં સુધી જીવસૃષ્ટીનો નાશ નહીં કરે તો ! માનવ-શરીર-પરીવર્તન થવાની સંભાવના ઘણી વધી ગઈ છે.

*　　*　　*

દેવ-દેવીઓના સર્જન અને વીકાસમાં પણ ઉત્ક્રાંતીનો સદ્ધાંત લાગુ પડે છે ! જ્યારે દંતકથા પહેલીવાર બને ત્યારે કોઈ એક નાના-સાદા પ્રશ્નના કાલ્પનીક ઉત્તર માટે બને છે. ‘વરસાદ કેમ પડે છે ?’ ના સાદા ઉત્તર માટે વરુણ દેવની કલ્પના કરવામાં આવે. સમય જતા પ્રશ્ન તો એનો એ જ રહે, પરંતુ કલ્પનાધારીત દંતકથાવાળા જવાબમાં નવો ને નવો મસાલો ભરવામાં આવે. વરુણદેવ ઓછા પડે એટલે એમાં ઈન્દ્રને ઉમેરવામાં આવ્યા ! કેટલાક કવીઓએ ‘મેઘરાજા’ નું પણ અવતરણ કર્યું. હવે આ બધા તો સાંધા જ. આથી આ બધી નવીને નવી દંતકથાઓ અને દેવ-દેવીઓને એક સાથે અને તેમાં પણ સંપીલા બનાવીને રાખવા લગભગ અશકય.

આથી વધારે ને વધારે અક્કલ વગરના ખુલાસા અને ઉંચીને ઉંચી ઉડાણવાળી કલ્પનાઓ એમાં ઉમેરાતી જ જાય. વરુણ દેવ રડે કે પીશાબ કરે એ નકકી જ નહીં થાય ! આમ છતાં બન્ને ચાલે ! આ ગપ્પાંબાજીને પ્રજા જેમ જેમ વધારે સ્વીકારતી જાય તેમ તેમ એ સત્ય અને વૈજ્ઞાનીક અભીગમથી દુર ને દુર થતી જાય. આથી રેશનાલીસ્ટોએ આવા ગપ્પાંને એનું સાચું સ્થાન આપવા માટે તે મકાહાકાવ્ય કે દંતકથા હોવાનું લોકોને સમજાવવું પડે.

*　　*　　*

જ્યારે સંશોધનને કારણે કોઈ પણ નવી હકીકતની જાણકારી મળે છે ત્યારે સમાજમાં તે સંશોધન પુર્વેની માન્યતાઓ તો હોય જ છે. તેની સાથે નવી જાણકારીનું અનુસંધાન

કરવું પડે છે. જ્યાં ખુબ પુરાણી સંસ્કૃતીઓ હોય છે, ત્યાં આ અનુસંધાન કરવાની મુશ્કેલી વધારે હોય છે. દેવ-દેવીઓ સાથે નવી હકીકતના થતા વીચ્છેદન દેખાતાં પણ હોય છે. એક વાર માન્યતા હતી કે વરસાદ પડે છે કારણ કે વર્ષા-દેવી ઉપર બેઠી બેઠી રડે છે ! હવે નવી હકીકતો એની સાથે મેળ ખાતી નહીં હોય તો વર્ષાદેવી તો સમાજ વચ્ચેથી અદ્રશ્ય જ થાય ને, એનું અવસાન જ થાય ને ! આપણે ત્યાં શું શીતળા માતાને હવે વીદાય નહીં કરવા જોઈએ ? બીજી બાજુ પ્રજાના પક્ષે નવી હકીકતો સ્વીકારવાનું ચોક્કસ સ્તર નહીં હોય તો તે પૌરાણીકતાને નામે, અને કેટલીકવાર તો ભ્રામક વીજ્ઞાનના નામે નવી હકીકતોને મુલવવા માંડે છે. એ હકીકત છે કે પુર્વજન્મ-પુનર્જન્મ જેવું કશું નથી. આ હકીકત સાથે જન્મજન્માંતરની માન્યતા મેળ ખાતી નથી. આથી બળાત્કાર જેવા બનાવને પણ પુર્વભવના પાપ સાથે જોડવામાં આવે છે ! અથવા, કોઈ નવા જ કહેવાતા 'કારણ'ને માર-ઠોક કરીને પણ બેસાડે છે. મુળમાં પ્રજા શ્રદ્ધાને છોડવા માંગતી નથી તેથી આવાં કજોડાં પેદા કરવા પડે છે !

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

**પ્રમોદચંદ્ર પાઠકજી આંતર–શાળા, વકતૃત્વ સ્પર્ધા**નો તા. ૧૧-૧-૨૩ નો દીવસ અભુતપૂર્વ હતો. સુરત, ઉધનાની શેઠ પ્રાણલાલ બચકાનીવાળા વીદ્યાલયમાં સત્યશોધક સભા આયોજીત પ્રમોદચંદ્ર પાઠકજી આંતર-શાળા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ. સત્યશોધક સભાના ઈતીહાસમાં આ સ્પર્ધા અભુતપુર્વ હતી. આ સ્પર્ધામાં ઓગણીસ-ઓગણીસ માધ્યમીક શાળાના પાંત્રીસ-પાંત્રીસ સ્પર્ધકો વીષય પરની પોતાની પકડ અને વકતૃત્વ શકતીનો પરચો દર્શાવવા સ્પર્ધામાં ઉતર્યા ! આખી સ્પર્ધાનું આયોજન કરનાર અને સાચા અર્થમાં કર્મઠ બચકાનીવાળા વીદ્યાલયના આચાર્યા ડો. રીટાબેન ફુલવાલાની તનતોડ મહેનત અને સુરત જીલ્લાના માનનીય શીક્ષણાધીકારી ડો. ટેલર સાહેબના સહકારને કારણે આ શકય બન્યું. એક જ સ્ટેજ પર બધા સ્પર્ધકો જો વારાફરતી બોલે તો સ્પર્ધા રાત્રે દશ વાગે તો પણ પુરી નહીં થાય તેવી પરીસ્થીતી સરજાઈ. પ્રમુખ સુર્યકાંત શાહે સુચન કર્યું કે સ્પર્ધામાં સેમી ફાઈનલ અને ફાઈનલની વ્યવસ્થા કરીએ. ડો. ફુલવાળાએ તે સ્વીકાર્યું. આથી સ્પર્ધા બે વીભાગમાં - એક ધો. ૧૦-૧૧ અને બે ધો. ૯-૧૦ યોજાઈ. દરેક વીભાગમાંથી ત્રણ-ત્રણ વીજેતાઓ જાહેર થયા. બાકીના ત્રણને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા. આમ, આ સ્પર્ધામાં નીર્ણાયકો શ્રી જ્યોતીરભાઈ પંડ્યા, શ્રી સુભાષભાઈ જાદવ, શ્રી વીમલભાઈ ચુડાસમા અને શ્રીમતી દીપીકાબેન શાહે ભારે

જહેમત ઉઠાવવી પડી. પુરી ધીરજથી એમણે સમગ્ર સ્પર્ધા સંભાળી અને શ્રેષ્ઠ વીજેતાઓ પસંદ કર્યા. સ્પર્ધાના વીષયો હતા : (૧) વૈજ્ઞાનીક અભીગમ જ આપણો ઉદ્ધાર કરી શકે (૨) વર્તમાનમાં અંધશ્રદ્ધાના બનાવો અને તેના ઉપાયો (૩) સમાજોદ્ધારક સાવીત્રી અને જ્યોતીબા ફુલે.

આ પ્રસંગે યજમાન આચાર્યા ડો. રીટાબેને જણાવ્યું કે સમાજમાં સુધારા લાવતા આવા વકતૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમો એમને આંગણે યોજાય તેને પોતે હમેશાં આવકારે છે. સત્યશોધક સભાના પ્રમુખ સુર્યકાન્ત શાહે જણાવ્યું કે આવી સ્પર્ધાઓ આપણા યુવાન વીદ્યાર્થીઓને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવા તક પુરી પાડે છે. સાવીત્રી અને જ્યોતીબા ફુલેના જીવન-કવનને વાંચે-સમજે તો એમને ખ્યાલ આવે કે સમાજમાં હીતકારી સુધારા કરવામાં કેવી જીંદાદીલી જોઈએ. સમજીએ છીએ કે ચોકકસ રુઢી આપણે સૌને નુકસાનકારક છે, છતાં આપણે એને વળગી રહીએ છીએ તે આપણો અવીવેક છે. જીવનમાં વીવેકને પહેલું સ્થાન આપવું જોઈએ. સહમંત્રી સુગીત પાઠકજીએ સૌનો આભાર માનતા જણાવ્યું કે ડો. રીટાબેન ફુલવાલાની આયોજન શકતી- અને એમની સાથે એમની શાળાના સાથી મીત્રોને કારણે આટલી સરસ સ્પર્ધા યોજાઈ છે. એમણે નીર્ણાયકો, જીલ્લા શીક્ષણાધીકારી અને સ્પર્ધકોને મોકલવા માટે સંબંધીત શાળાઓના આચાર્યો અને શીક્ષકો અને હાજર રહેલા વાલીઓનો આભાર માન્યો હતો.

સ્પર્ધાના વીજેતાઓ હતા : **પ્રથમ :** ખેરનાર વંશ - સુરેશભાઈ : જીવનભારતી
**દ્વીતીય :** રાય જાશ વીવેકભાઈ : સનગ્રેસ હાઈસ્કુલ
**તૃતીય :** (બે ભાગમાં) સુરોલીયા જહાનવી સુનીલભાઈ : વી.ટી.ડી. ગર્લ્સ હાઈસ્કુલ અને ભગત ગાયત્રી શૈલેષભાઈ : પી. એચ. બચકાનીવાલા વીદ્યાલય
**આશ્વાસન** : (૧) ઈન્દુલકર કેશવી રાજેશભાઈ : ડી. આર. રાણા હાઈસ્કુલ અને (૨) બાવીકર દીવ્યા ભાઈદાસભાઈ : સુમન હાઈસ્કુલ, ૧૯

દરેક સ્પર્ધકને ભાગ લીધાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. ઉપરાંત દરેક સ્પર્ધકને સત્યશોધક સભા પ્રકાશીત બે પુસ્તીકાઓ ભેટ આપવામાં આવી હતી. સત્યશોધક સભાના એક ઉપપ્રમુખ અતુલ પાઠકજીએ નીર્ણાયકો અને આચાર્યા રીટાબેન સાથે રહીને ઈનામ વીતરણ કર્યું હતું. રાષ્ટ્રગીતથી સ્પર્ધાનું સમાપન થયું હતું. અલ્પાહારને ન્યાય આપીને સૌ છુટા પડયા હતા.

## 'ઈશ્વરનું અસ્તીત્વ અને તેનું સાચું સ્વરુપ'

**સ્વામી દયાનંદ જૈનોને નાસ્તીક ગણે છે. આથી ઉપર દર્શાવેલ પુસ્તકમાંના સંવાદમાં નાસ્તીક એટલે જૈન અને આસ્તીક એટલે સ્વામી દયાનંદ**

નાસ્તીક : જગતમાં એક ઈશ્વર નથી, પરંતુ જેટલા પણ મુકત જીવો છે એ બધા જ ઈશ્વર છે.

આસ્તીક : આ કથન બીલકુલ વ્યર્થ છે; કેમ કે જે પહેલા બદ્ધ હોય અને પછી મુકત થાય છે, તે ફરીથી બંધનમાં જરુર પડે છે, કેમ કે, તે સ્વાભાવીક રીતે સદૈવ મુકત નથી. જેમ તમારા (જૈનોના) ચોવીસ તીર્થંકરો પહેલાં બદ્ધ હતા અને પછી મુકત થયા હોઈ તેઓ ફરીથી પણ બંધનમાં જરુર પડશે અને જો અનેક ઈશ્વર હોય તો જેમ જીવ અનેક હોવાથી પરસ્પર લડતા-ઝઘડતા ફરે છે, તેમ પેલા અનેક ઈશ્વર પણ લડયા-ઝઘડયા કરશે !

નાસ્તીક : જગતનો કોઈ કર્તા નથી, પરંતુ જગત તો સ્વયં-સીદ્ધ છે.

આસ્તીક : જૈનોની આ કેટલી મોટી ભૂલ છે ! ભલા, આ જગતમાં કર્તા વીનાનું કોઈ કર્મ અને કર્મ વીનાનું કોઈ કાર્ય થતું દેખાય છે ? આ તો એવી વાત છે કે ઘઉંના ખેતરમાંથી સ્વયં-સીદ્ધ દળેલા લોટની રોટલી બનીને જૈનોનાં પેટમાં ચાલી ગઈ ! શું કપાસ, સુતર, વસ્ત્ર, અંગરખું, ઉપરણું, ધોતીયું, પાઘડી વગેરે આપમેળે - આપોઆપ બની જાય છે ? જ્યારે આમ નથી બનતું તો પછી કર્તા ઈશ્વર વગર આ વીવીધ જગત અને તેમાં જેવા મળતી વીવીધ પ્રકારની વીશેષ રચનાઓ કેવી રીતે બની શકે ? અને જો તમે હઠ-ધર્મથી જગતને સ્વયં-સીદ્ધ માનતા હો, તો ઉપર જણાવેલી વસ્તુઓને પણ કર્તા વગર બનતી પ્રત્યક્ષ બતાવો. જ્યારે એમ સીદ્ધ નથી કરી શકતા તો પછી કયો બુદ્ધીમાન તમારી પ્રમાણશુન્ય વાતને સત્ય માની શકે ?

નાસ્તીક : ઈશ્વર વીરકત છે કે મોહીત ? જો તે વીરકત છે, તો જગતના પ્રપંચમાં શા માટે પડયો ? અને જો તે મોહીત છે, તો તે જગતને બનાવવામાં સમર્થ થઈ શકશે નહીં.

આસ્તીક : પરમાત્મામાં વૈરાગ્ય કે મોહ કયારેય ઘટી શકતા નથી; કારણ કે જે સર્વવ્યાપક છે તે કોને છોડે અને કોને ગ્રહણ કરે ? અને ઈશ્વરથી ઉત્તમ કે તેને અપ્રાપ્ય હોય-મળી શકે નહીં તેવો કોઈ પદાર્થ નથી. આથી તેને કશામાં મોહ પણ નથી હોતો. વૈરાગ્ય અને મોહનું હોવું જીવમાં ઘટે છે., ઈશ્વરમાં નહીં.

નાસ્તીક : જો ઈશ્વરને જગતનો કર્તા તથા જીવોનાં કર્મોનાં ફળનો દાતા માનશો, તો ઈશ્વર પ્રપંચી થઈને દુઃખી થઈ જશે.

આસ્તીક : ભલા, જ્યારે અનેક પ્રકારનાં કર્મોનો કર્તા અને અનેક લોકોનાં કર્મોનું ફળ આપનાર એક ધાર્મીક-વીદ્વાન ન્યાયાધીશ પણ પોતાનાં કર્મોમાં ફસાતો નથી અને પ્રપંચી થતો નથી, તો પછી અનંત સામર્થ્ય ધરાવતો પરમેશ્વર કેમ પ્રપંચી અને દુઃખી થાય ? હા, જો તમે તમારો અજ્ઞાનથી પરમેશ્વરને પણ તમારા કે તમારા તીર્થંકરો જેવો સમજતા હો, તો એ તમારી અવીદ્યાની લીલા છે. માટે જો તમે અવીદ્યા વગેરે દોષોથી છુટવા માંગતા હો તો વેદ વગેરે સત્ય શાસ્ત્રોનો આશ્રય લો. શા માટે ભ્રમમાં પડયા પડયા ઠોકરો ખાઓ છો ?

હવે જૈન લોકો જગતને જેવું માને છે તેવું તેમનાં સૂત્રો મુજબ બતાવી સૂત્રોનો ટુંકમાં મુળ અર્થ કરી, સત્ય-અસત્યની સમીક્ષા કરવામાં આવે છે :

**सामि अणाई अणन्ते, चउगड संसारघोरकान्तारे ।**
**मोहाइ कम्मगुरुठिी, विवागवसउ भमड जीवो ।।**

પ્રકરણ-રત્નાકર, ભાગ : ૨, ષષ્ટીશતક : ૬૦, સૂત્ર : ૨ આ 'પ્રકરણ-રત્નાકર' નામના ગ્રંથના 'સમ્યકત્વપ્રકાશ' પ્રકરણમાં ગૌતમ અને મહાવીરનો સંવાદ છે. આનો ટુંકમાં ઉપયોગી અર્થ એ છે કે - આ સંસાર અનાદી, અનંત છે. ન તેની કદી ઉત્પત્તી થઈ છે અને ન તેનો કદી વીનાશ થાય છે. એટલે કે જગત કોઈના દ્વારા બનાવવામાં આવેલ નથી. એટલે જ 'આસ્તીક-નાસ્તક' સંવાદમાં પણ કહ્યું છે : હે મુઢ ! જગતનો કોઈ કર્તા નથી, ન તે કદી બન્યું છે અને ન તો તેનો કદી નાશ થયો.

**સમીક્ષક :** જે સંયોગથી ઉત્પન્ન થાય છે તે અનાદી અને અનંત કદી પણ હોઈ શકતું નથી. અને ઉત્પત્તી તથા વીનાશ થયા વીના કર્મ રહેતું નથી (એટલે કે કર્મ ઉત્પત્તીવાળું અને વીનાશવાળું જ હોય છે) જગતમાં જેટલા પદાર્થો ઉત્પન્ન થાય છે એ બધા જ સંયોગજ - સંયોગથી ઉત્પન્ન થનારા અને ઉત્પત્તી-વીનાશવાળા જોવામાં આવે છે. તો પછી જગત પથ ઉત્પન્ન થયેલું અને વીનાશવાળું કેમ નહી ?

ભલા, જે પ્રત્યક્ષ સંયુકત પદાર્થ દેખાય છે, તેના ઉત્પત્તી અને વીનાશ કેમ નથી માનતા ?''

---

**રેશનાલીઝમના રાહ પર ભય, લાલચ જેવા અનેક પાર્કીંગ પ્લોટ્સ છે. ભુલેચુકે એમાં આશ્રય લેશો નહીં.**

# ઈશ્વરના પ્રચારનો અધીકાર કોઈને નથી

**–એન. વી. ચાવડા**

ગમે તે વસ્તુ ખાવા-પીવાનો, ગમે તેવાં વસ્ત્રો પહેરવાનો અને ગમે તેની સાથે લગ્ન કરવાનો અધીકાર જગતની પ્રત્યેક વ્યકતીને છે. સંયુકત રાષ્ટ્રોના કાનુનોની જેમ જ ભારતીય બંધારણ પણ દેશના દરેક નાગરીકને એવો અધીકાર બક્ષે છે. તેમ ઈશ્વર, ખુદા ગોડ, વગેરે વગેરેને માનવાનો અને ન માનવાનો તથા પોતે ઈચ્છે તેને ઈશ્વર કે દેવી-દેવતા માનીને તેની પૂજા-અર્ચના અથવા આરાધના કરવાનો વ્યકતીગત અધીકાર પણ જગતની તમામ વ્યકતીઓને છે, પરંતુ તથાકથીત ઈશ્વરનો પ્રચાર કરવાનો અધીકાર કોઈને હોવો જોઈએ નહીં, અથવા કહેવાતા ઈશ્વરના પ્રચાર ઉપર કાયદા દ્વારા પ્રતીબંધ હોવો જોઈએ કારણ કે ઈશ્વરનું અસ્તીત્વ આપણા અનુભવનો વીષય નથી. તેમ જ તર્ક દ્વારા ઈશ્વરનું અસ્તીત્વ પુરવાર થઈ શકતું નથી. જેનું અસ્તીત્વ તર્ક દ્વારા સીદ્ધ ન થઈ શકે તેનું અસ્તીત્વ કદાપી હોઈ શકે જ નહીં. તેથી ઈશ્વરનો પ્રચાર એ ધર્મ અને ઈશ્વરને નામે ધુતીને ખાનારા સ્થાપીત હીતોના પેટ ભરવાના પ્રપંચ સીવાય કશું જ નથી. તેથી ઈશ્વરના પ્રચારનો અધીકાર કોઈને હોવો ન જોઈએ.

## રેશનલ ચળવળ

રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની હેઠળ રાજકોટના વીજ્ઞાન જાથાએ કરેલ પ્રવૃત્તીઓ :

(૧) મહુડા ગામના વાઘીચાના માતાજી ઘાઘીલીલા મહીલાઓને પુત્રપ્રાપ્તીથી માંડી બીજા અનેક લાભો કરાવી આપવાની લાલચ આપીને એમની સાથે અડપલા કરતો, ત્રાસ ગુજારતો અને પૈસા ખંખેરતો. જાથાએ એને પડકારતા એણે પોતાના ગુના સ્વીકારીને ફરીવાર તે નહીં કરવાનું વચન આપ્યું હતું.

(૨) જુનાગઢની એક પીડીતાના મુંબઈમાં લગ્ન થયા હતા. એ ડબલ ગ્રેજયુએટ હતી, છતાં સાસરામાં એનું કોઈ મુલ્ય નહોતું. ઉલટું, એ મહીલામાં માતાજીના ગુના-દોષ છે એવો આરોપ મુકી એને ચપ્પલનો હાર, મોંઢું મેશવાળુ, મોંઢામાં બુટ રાખવા જેવા અમાનુષ ત્રાસ ગુજારવામાં આવતા હતા. જાથાના કાર્યકરો પોલીસની મદદ લઈને રુબરુ મુલાકાત લઈને આ આખો કીસ્સો પોલીસને સોંપ્યો.

(૩) ભચાઉમાં હરીમામા નામનો ભુવો જીવતાનો લાશ કરી દેવાની ડંફાસ હાંકતો હતો. જાથાએ એને પડકાર્યો. એની ડંફાસ પોલી પુરવાર થઈ. 'બકાલા' થી ઓળખાતો આ 'ધંધો' હરીમામાને બંધ કરવાની ફરજ પડી.

(૪) માતાજીના નામે બોકડાના લોહીને પીવાની જંગલી પ્રથાને દેશભરમાં અટકાવવા જાથાએ અભીયાન શરુ કર્યું છે.

# રેશનાલીસ્ટોનું એક અભુતપુર્વ સંમેલન-૧

-ડો. સુજાત વલી

### માનવીની ઉત્ક્રાંતી



**(સંમેલન દરમીયાન ડો. સુજાત વલીએ ટુંકી ફીલ્મોની સાથે જે વીચારો રજુ કર્યા તેનો ટુંકસાર)**

માનવની ઉત્પત્તી વીશે વૈજ્ઞાનીક અભીગમ આધારીત તર્કવાદને રજુ કરીએ છીએ. લગભગ ૧૫૦ લાખ વર્ષ પુર્વે વાનરમાંથી ધીમે-ધીમે માનવ બન્યા તે વૈજ્ઞાનીક રીતે સાબીત થઈ ચુકયું છે, તેમાં કોઈ બે મત નથી. ઘણા બધા પુરાવાઓ એ અંગે રજુ થઈ ચુકયા છે, અને સ્વીકારાયા છે, જેની વાત આજે આપણે કરીશું.

માનવ અને વાનર વચ્ચેની એક કડી છે ચીમ્પાંઝી. આ અવસ્થા ૧૫૦ લાખ વર્ષ થી ૧૦૦ વર્ષ વચ્ચે હતી. ચીમ્પાંઝીઓના આખા શરીર પર વાળ હતા, અને તે ચાર પગે ચાલતા હતા. કેટલાક ચીમ્પાંઝી વધુ વાનર જેવા હતા તે ડ્રાયઓપીથેકસ કહેવાતા હતા. તો કેટલાક ચીમ્પાંઝી વધુ માનવ જેવા હતા જેને રામાપીથેકસ કહેવાયા, એ પછીની અવસ્થા એટલે કે ચીમ્પાંઝી પછીની અવસ્થા ઓસ્ટ્રેલોપીથેકસ કહેવાઈ. ચીમ્પાંઝી કરતાં તેમના પગ વધારે લાંબા થવા માંડયા. મહત્ત્વની ઘટના આ સમયે એ બની કે તેઓએ આગની શોધ કરી, અને તેના વડે એ લોકો જંગલી પ્રાણીઓથી પોતાનું રક્ષણ પણ કરતા, અને માંસને પકવવાનું પણ કામ કરતા, ત્યાર પછીની અવસ્થા હોમોઈરેકટસ કહેવાઈ જેમાં હાથ અને આંગળીઓથી પકડવાનું શરુ થયું. એ પ્રકારના માનવીએ ઉભા થઈને ચાલવાનું શરુ કર્યું હતું. આ અવસ્થા લગભ ૧૫૦ લાખ વર્ષથી ૧૦૦ લાખ વર્ષ વચ્ચેની રહી હશે. ત્યાર પછીની અવસ્થા એ હોમોસેપીઅન્સ કહેવાઈ. જેમાં માનવીના મગજની ઘનતા ૯૦૦ ગ્રામથી વધીને ૧૪૦૦ ગ્રામ સુધીની થઈ. માનવી ગુફામાં રહેતો હતો તે સમુહમાં રહેતો થયો. થોડી સામાજીક પ્રવૃત્તી કરતો થયો. ખાસ કરીને જન્મ વખતે અને મરણ વખતે ત્યાર પછીની અવસ્થા એ સેપીઅન્સ કહેવાઈ. જે ૫૦ હજાર વર્ષથી પાછલા ૧૦ હજાર વર્ષ સુધી રહી. માનવીએ વીચાર અને વાણીનો ઉપયોગ કરવા માંડયો, સાથે-સાથે વધુ સામાજીક અને સાંસ્કૃતીક બનવા માંડયો. કલાનો પણ વીકાસ થયો. ક્રો-મેગ્નોન (Cro-Magnon) નામની જાતી આ યુગમાં વધુ વીકસીત ગણાતી. આમ તો હોમોસેપીઅન્સ આફ્રીકાથી સ્થળાંતર કરીને વીશ્વના ઘણા ખુણાઓમાં ફેલાયા. તો એમની અલગ-અલગ પ્રદેશોમાં એમની અલગ-અલગ જાતીઓ વીકસી. એમના વીકાસમાં પણ તફાવત હતો. છેલ્લે સેપીઅન્સમાં મગજના કદનો વીકાસ વધીને ૧૬૫૦ ગ્રામ થયો.

ઉપરોકત વૈજ્ઞાનીક હકીકતોના પુરાવાઓ પૃથ્વીના પડમાં દબાયેલા અસ્થીકાલ અને અલગ-અલગ પેશીનાં (Tissue) અભ્યાસ પરથી પુરવાર થયેલ છે.

### (૨) નીર્જીવમાંથી સજીવ !

બ્રહ્માંડની ઉત્પત્તી કઈ રીતે થઈ તેની થોડી સમજ મેળવીએ. લગભગ તેર અબજ વર્ષ પહેલાં અતી શકતીશાળી, અતી સુક્ષ્મ અણુમાં એક જબરજસ્ત વીસ્ફોટ થયો, અને અણુ કરતાં પણ નાના સુક્ષ્મ ઘટકો અબાધીત રીતે અમાપ અંતર સુધી દુર-દુર સુધી ફેંકાયાં. કરોડો વર્ષના અંતે આવાં અણુઓ અને ઘટકોમાં પરસ્પર આકર્ષણ શરુ થવાથી એકબીજાની નજીક ખેંચાયા. એમાંથી અસંખ્ય ધુળનાં વાદળો, વાયુઓનાં વાદળો, ધીમેધીમે તારાઓ, અસંખ્ય આકાશગંગાઓ (Galaxies) બની. આમાંની સુર્યને સમાવતી દુધગંગા છે. સુર્યમાં એક નાનો ટુકડો ખુબ જ ગરમ હતો. લાખો વર્ષોને અંતે તે ઠંડો પડયો. તેની આજુ-બાજુ અનેક વાયુઓના થર રચાયા. તેમાંથી સુર્યમંડળ રચાયું., પરંતુ તે વખતે પૃથ્વીના વાયુમંડળમાં ઓકસીજન ન હતો. હવે પ્રશ્ન થાય કે સજીવનો જન્મ કેવી રીતે થયો ? તે વખતે ત્રણ થીયરી પ્રચલીત બની : (૧) નીર્જીવમાંથી સજીવ બન્યો હોય. (૨) કદાચ સજીવમાંથી સજીવ બન્યો હોય, અને (૩) કોઈ આકસ્મીક સંજોગોમાં નીર્જીવમાંથી આકસ્મીક રીતે સજીવ બન્યો હોય. લુઈસ પાશ્ચરએ પ્રયોગોને આધારે સજીવમાંથી સજીવ થવાની વાતને જાકારો આપ્યો. નીર્જીવમાંથી આકસ્મીક સંજોગોમાં સજીવ બન્યો હોય એવી થીયરી વધુ સ્વીકૃતી પામવા માંડી, પરંતુ કેવા સંજોગોમાં નીર્જીવમાંથી સજીવ બન્યો હોય તે સમજાવવામાં તર્કવાદીઓ નીષ્ફળ રહ્યા. ઈ.સ. ૧૯૨૪માં ઓપેરીન અને ઈ. સ. ૧૯૨૯માં હેલ્ડનેએ એવી થીયરી અમુક પ્રયોગો દ્વારા સાબીત કરી કે નીર્જીવમાંથી જ સજીવ બન્યો હશે. અસંખ્ય પ્રયોગોને અંતે છેક ઈ.સ. ૧૯૫૨માં મીલર અને ઉર નામના બે વૈજ્ઞાનીકોએ અમેરીકાની સીકાગો યુનીવર્સીટીની લેબોરેટરીમાં ૨૦૦ કરોડ વર્ષ પહેલાનું પૃથ્વી પરનું વાતાવરણ કૃત્રીમ રીતે સર્જ્યું, અને એક પ્રયોગ શરુ કર્યો કે જેમાં દરીયાના પાણીને ૮૦૦ ડીગ્રી સેન્ટી. એ ગરમ કરવામાં આવ્યું. એની જે વરાળ ઉત્પન્ન થઈ તેને બીજા ગેસ ચેમ્બરમાં ઢાળવામાં આવી કે જેમાં વાતાવરણમાં રહેલા મીથેન, હાઈડ્રોજન, કાર્બન ડાયોકસાઈડ, નાઈટ્રોજન અને પાણીની વરાળને મીક્ષ કરવામાં આવ્યા. એમાં વીજળીના સ્ત્રોત દ્વારા એનર્જીના સ્પાર્ક આપવામાં આવ્યા, કારણ કે, તે વખતના સમયમાં પૃથ્વી પર ઓકસીજન અને ઓઝોનનું પડ પણ ન હતું. વીજળીના ચમકારા પણ ખુબ થતા. તે ઘ્યાનમાં લઈને આ ગેસ ચેમ્બરમાં વીજળીના સ્ત્રોતો દ્વારા ચમકારા કરવામાં આવ્યા. આ સંયોજનો ત્રણ અઠવાડીયાના અંતે કથ્થાઈ રંગનું થઈ ગયાં. તેમાં યુરીયા અને એમીનો એસીડ જેવા જટીલ

કાર્બનીક સંયોજનો હોવાનું (બનવાનું) પુરવાર થયું કે જે સંયોજનો સજીવ કોષો જેવી પ્રોટોટાઈપ ક્રીયાઓ કરી શકતા અને કોષમાં રુપાંતર પામી શકે તેવા હતા. સજીવ કોષ એટલે શું કે જે સજીવોના જેવી પાંચ પ્રક્રીયાઓ : શ્વસન, વહન, ઉત્સર્જન, પાચન તથા પ્રજનન કરી શકે તે. આ પ્રક્રીયાઓ કોમ્પલેક્ષ અથવા જટીલ સંયોજનોના લીધે જ શકય બની શકે. મીલર અને ઉરે ઈ. સ. ૧૯૫૨માં પુરવાર કરી બતાવ્યું કે નીર્જીવ સીમ્પલ કાર્બનક ઘટકોવાળી ચોકકસ સંજોગોમાં, ચોકકસ શકતીઓની મદદ વડે આવી શ્વસન જેવી વીવીધ પ્રક્રીયાઓ કરી શકે તેવી જટીલ કાર્બોનીક સંયોજન આપોઆપ બની શકે છે. આમ પ્રયોગ નીર્જીવમાંથી જ સજીવ બન્યો તે પુરવાર કરવામાં સફળ રહ્યો.

## (૩) ઉત્ક્રાંતીના મુળમાં

પ્રજનન દ્વારા પ્રજાતીના એકમાંથી અનેક જીવો બનીને તેઓ ઉત્ક્રાંતીના એક મહત્ત્વના ઘટક બની ગયા. ડાર્વીને આ વીવીધ પ્રજાતીઓમાંથી અમુક જ ચોકકસ પ્રજાતી કેમ ટકી ગઈ તે સમજાવતા જણાવ્યું કે પ્રજનન કરવામાં જે પ્રજાતી સફળ બની અને પ્રતીકુળ સંજોગોમાં પણ પ્રજનન દ્વારા થોડો બદલાવ લાવી શકી તે ટકી રહી. તેના ઘણા પુરાવાઓ ડાર્વીને રજુ કર્યા. એમાં એક મહત્ત્વની વાત એ હતી કે આનુવંશીક જનીન આધારીત એટલે કે વારસાની તબદીલ અને 'સર્વાઈવલ ઓફ ધ ફીટેસ્ટ' એટલે કે જે સૌથી સક્ષમ પ્રજાતી હોય તે ટકી શકે, અને બીજી પ્રજાતીઓ નીર્મુલ થઈ જાય. ઉદાહરણ તરીકે એક ડીશમાં ૧૦૦ બેકટેરીયા છે, જેમાં રંગસુત્રોની સંખ્યા સરખી પણ જીનેટીક બંધારણ અલગ-અલગ છે. એમાંના ૪ ટકા બેકટેરીયા જીવી જાય. આ ૪ ટકા બેકટેરીયા વધુ પ્રજનન કરી પોતાના જનીનમાં થોડો ફેરફાર કરી નવી પ્રજાતી ઉત્પન્ન કરે છે. હવે સવાલ એ થાય કે, 'રંગસુત્રની સંખ્યા સરખી હતી, છતાં આ ૪ ટકા બેકટેરીયા કેમ મર્યા નહી, તો જવાબ એ છે કે, તેમના જનીનનું બંધારણ અલગ તથા વીશેષ હોય કે જેથી એન્ટીબાયોટીકની તેમના પર અસર થઈ શકે નહીં. થોડા જીનેટીક ફેરફારો કરીને તે ટકી રહયા. વધુ પ્રજનન કર્યું, અને નવી પ્રજાતી બનાવી. આ બધું એમના વીશેષ જીનેટીક બંધારણને આભારી હતું. કોષમાં જયારે વીભાજન થાય છે ત્યારે જીવરસની સાથે-સાથે ન્યુકલીયસનું પણ વીભાજન થાય છે. સામાન્યપણે, ન્યુકલીયસમાં રહેલાં જનીનોનું લગભગ સરખે ભાગે વીભાજન અને તબદીલી વીભાજીત કોષોમાં થાય છે, પરંતુ કેટલાક સંજોગોમાં એમાં નાના-નાના ફેરફારો જોવા મળે છે. માયટોસીસ વીભાજન વખતે નવા જન્મેલા કોષોમાં પેરન્ટ રંગસુત્રો જેવાં જ અને અસંખ્ય રંગસુત્રો, પરંતુ મીયોસીસ વખતે નવા જન્મેલા કોષોમાં અડધી સંખ્યાના. આ બંને વીભાજનની પ્રક્રીયા વખતે રંગસુત્રોમાં અને જમીનમાં લાખો કરોડો પ્રકારના સુક્ષ્મ ફેરફારો થઈ શકે છે. એટલે કે, નવા જન્મેલા કોષોમાં

લાખો પ્રકારની વીવીધતા જોવા મળે  છે કે, જે તેમની જીવન પ્રક્રીયા જીવનશૈલી અને વર્તાવમાં વીવીધતા લાવે છે.  આ બે વીભાજનની પ્રક્રીયા માયટોસીસ અને નીયોસીસ દ્વારા સજીવોની વીવીધ પ્રજાતીઓમાં વીવીધ પ્રમાણની વીવીધતા સમજાવી શકાય એમ છે, પરંતુ મોટા ફેરફારો જેવા કે, વાનરમાંથી માનવ કેવી રીતે બન્યો તે સમજવામાં ડાર્વીન અને એના સમકાલીન વીદ્વાનો સફળ થયા નહીં. તે વખતે જીનેટીકસનો અભ્યાસ પણ ખુબ જ મર્યાદીત હતો. તે પછીની પેઢીનાં વૈજ્ઞાનીકોએ જનીનના આવા મોટા ફેરફારો કેમ સર્જાયા તે કોયડો હલ કરવામાં મોટે ભાગે સફળતા મેળવી, જેમ કે, "મ્યુટેશન." એ જીનેટીકસના અભ્યાસ વડે સમજાયું કે, દેખાવમાં, વર્તાવમાં અને જીવનશૈલીઓમાં મોટા ફેરફારો તે જીનેટીકસના મોટા ફેરફારોને આધારીત હોય છે. આ મ્યુટેશન કહેવાય છે, એટલે કે રંગસુત્રોમાં રહેલ જનીનમાં મોટા ફેરફારો જેવા કે, જનીનનો એક મોટો જથ્થો જનીનમાંથી અલગ થઈ જવો કે, ઉમેરાવો કે તબદીલ (Exchange) થઈ જવો. આવા ફેરફારોથી તે જાતીના પ્રાણીઓમાં દેખાવ અને વર્તાવમાં મોટા ફેરફારો થયા. હવે, સવાલ એ થાય કે, 'એવું કેવી રીતે શકય બને ?' પૃથ્વીના તાપમાનમાં મોટા ફેરફારો કે રેડીઓ ઉત્સર્જીત કીરણોથી કોષોના જીવરસમાં આવેલ ન્યુકલીયસમાં રહેલ પ્યુરીનસ અને પીરામીડીનમાં થયેલ ફેરફારથી રંગસુત્રોનાં DNAમાં ન્યુકલીક એસીડ અસ્થીર બની ગયું. જેને લીધે રંગસુત્રોમાં મોટા ફેરફારો નોંધાયા અને જીવ સૃષ્ટીમાં વીવીધ પ્રજાતીઓમાં મોટા વીવીધ પ્રકારનાં વીવીધ રૂપમાં ફેરફારો નોંધાયા. જે ઉપર જણાવ્યા પ્રમાણે મ્યુટેશનને આધારીત રહયા. આમ, ઉત્ક્રાંતીમાં વીવીધતા અને મોટા ફેરફારો એ જીનેટીકસના આધારે થયા એમ પુરવાર કરવામાં વૈજ્ઞાનીકો સફળ રહ્યા.

**(ટુંકી ફીલ્મો અંગે અને અન્ય માહીતી મેળવવા માટે શ્રી અવીનાશ મીસ્ત્રીનો ફોન નં.-૮૪૦૧૩ ૦૩૦૦૦ પર સંપર્ક કરો)**

---

## રત્નકણીકા

**-મોહન પટેલ**
**મો.-૯૭૨૭૮ ૧૮૩૯૧**

* સામાજીક, આર્થીક, મનોવૈજ્ઞાનીક વીકાસના
બધા સ્ત્રોત કુદરત પાસે છે...માટે તમે
હવે કુદરત (Nature) તરફ વળો તે ઉત્તમ."

**-ડૉ. મોહન ગામીત, (સુરત)**

* જળ, જમીન-જંગલ, જન અને જાનવર
એ પાંચનું સમગ્ર પર્યાવરણ જાળવો તો પૃથ્વી ટકી જશે.
હવાનું પ્રદુષણ અટકાવો તો જ પૃથ્વી પર જીવન સુખરુપ થશે.
અન્યથા, અનેક આફતો ઉભી થશે તે નક્કી.
સમજીએ ! લોકશીક્ષણ જાગૃતી સર્વક્ષેત્રે-તંત્ર-સંગઠનમાં પણ જરુરી બને છે.

# લઘુકાવ્યો

–રમેશ પટેલ
મો.–૯૮૨૫૧ ૦૦૨૫૫

* સુરજ એક
કીરણો અનેક
આપણે છીએ
એક જ ડાળના પંખીઓ
આપણે છીએ માનવ !

* * *

* જેનું કોઈ
સરનામું નથી એ
ભગવાનને પત્ર લખવા કરતાં
રંકને પત્ર લખો તો એને જરુર
આનંદ આવશે !

* * *

* મારા મૃતદેહ ઉપર
ફુલહારની ચાદર
ના ઓઢાડશો
કારણ હું જાતે જ ઝીકળભીના
ફૂલો જેવું જીવન જીવ્યો છું !

* * *

* આપણે
ન્યાત-જાતની દીવાલ તોડી
'વસુધૈવ કુટુંબકમ્'ની
ભાવનાનો વીચાર કરીએ !

* * *

* વૈજ્ઞાનીક અભીગમના
બીજ
બાળકોમાં રોપીએ !

* * *

* સ્ત્રીની બુદ્ધી પગની
પાની સુધી છે' - એવું
દર્શાવનારાના હોંઠે
તાળાબંધી કરીએ !

* * *

* રેલના ગંદા પાણીમાં
ડુબી જાય છે
મંદીરો,
તો પણ આપણે
મંદીરોમાં જવાનું ત્યાગતા નથી, કેમ ?

* * *

* કુતરા ન પાળો
ઘરડાં મા-બાપને સાચવો
એ જ સાચું જીવન !

* * *

* પંખી લખે છે :
'કોણે શીખવ્યું માણસોને
વૃક્ષો કાપી ઘરો
બનાવવાનું ?!'

* * *

* રાષ્ટ્રનો ગુનેગાર છે-
જેઓ
પાણી-વાણીનો
બેફામ ઉપયોગ કરે છે !

* * *

* રેશનાલીઝમનો પંથ
સ્વર્ગથી સુંદર
અને સુગંધીત ફુલો
જેવો છે !

* * *

* વીશ્વના બધાં જ
ધર્મસ્થાનો
તોડી નાંખી ત્યાં
શાળા અને ગ્રંથાલયો
બનાવીએ !

* * *

* બાવળ નીચે
બેસીને
મને
સુંદર
રેશનાલીસ્ટ
વીચારો આવે છે.

* * *

* આ આપણા (મગજ વીનાના)
પ્રધાનો
મંદીરોમાં નમન કરવા જાય
એને બદલે
કો'ક ઝુંપડીમાં
રંક 'મા' ને નમન કરે તો
એ
સાચા અર્થમાં લોકસેવક પ્રધાન
ગણાશે !

* * *

* આપણે
પુર્વગ્રહો છોડીએ
ત્યારે જ
આ ઉપગ્રહો
કાર્યરત બનશે
જરુર !

* * *

* મંદીરોમાં
પુરાયેલા કેદ-ભકતોને
મુકત કરવા
હું
લખું છું :
'રેશનાલીસ્ટ કવીતાઓ !'

* * *

* શ્રમીકોના
પ્રસ્વેદની પુરેપુરી
કીંમત -
ચુકવતા શીખીએ !

* જેને
ઝરણાનું એકાંત ગમે
એ જ -
સાચો
રેશનાલીસ્ટ કવી હોય !

* * *

* રેશનાલીઝમ - વીષયક
પુસ્તકમેળાઓ
અને
અંધશ્રદ્ધા દુર
કરવા અંગેના
પ્રયોગોનું
નીદર્શન ગોઠવીએ.

* * *

* અનેક
ચીત્ર-વીચીત્ર આકારો ધરાવતા
દેવ-દેવીઓ કરતાં
મને ગમે છે, હા, મને ગમે છે
રેશનાલીસ્ટોના સુંદરતમ્
આચાર-વીચારના આકાર !

* * *

* આ ઘઉં-જુવારના
દાણાઓ તો છે
ખેડૂતોના મોતી જેવા
પસ્વેદ બીંદુઓ !

* * *

* 'આકાશવાણી' પરથી
રેશનાલીઝમ-ચીંતનધારા
વહાવીએ !

* * *

* શ્રદ્ધા-ભકતીથી
પ્રદુષીત
વીચારોનું
નીરસન
રેશનાલીસ્ટ
વીચારોથી
થતું રહે છે...

* * *

* અંધશ્રદ્ધાના
વાવાઝોડાએ
રેશનાલીસ્ટ તરુઓને
જમીનદોસ્ત
કરી દીધા છે !

* * *

* શેકેલા દાણા જેવા
આસ્તીક બીજ
કદી ય
અંકુરીત ન જ થઈ શકે !

* * *

* બુલડોઝરથી
મંદીરો તોડી
એ
ઝુંપડીમાં
ઘસઘસાટ
ઉંઘી ગયો
શ્રમીક !

* * *

# કાર્બનડાયોકસાઈડ વીનાની દુનીયા ?

-રાજેશ દેસાઈ

પર્યાવરણને બચાવવાની ચાલી રહેલી જગતવ્યાપી ઝુંબેશને પરીણામે હવામાં હાજર કાર્બનડાયોકસાઈડને દુષણ સમજવામાં આવે છે. આ વાયુ વીના જગત થોડા જ સમયમાં વીનાશ પામી જશે, તે હકીકત પણ આપણે સમજી લેવાની જરુર છે. જગતમાં થતી પ્રકાશસંશ્લેષણ (ફોટોસીંથેસીસ) ની ઘટના પાછળનું મુખ્ય બળ કાર્બનડાયોકસાઈડ હોવાને કારણે આ વાયુની ગેરહાજરીમાં વનસ્પતી સૃષ્ટી નામશેષ થઈ જાય. તેથી જગતની આહારશૃંખલા તુટી પડતાં સંપુર્ણ પ્રાણીસૃષ્ટીનું અને માનવસૃષ્ટી પણ નામશેષ થઈ જાય.

સામયીક કોષ્ટકમાં હાઈડ્રોજનનો અનુક્રમ ૧. હીલીયમનો ૨. કાર્બનનો ૬ અને ઓકસીજનનો ૮ છે. અણુક્રમ પાછળનો આંક એ અણુતત્વમાં રહેલા પ્રોટોન કણોની સંખ્યા સુચવે છે. કાર્બનડાયોકસાઈડ એક મોલેકયુલ છે, જેને CO2 સંજ્ઞા વડે ઓળખવામાં આવે છે, એટલે કે આ મોલેકયુલમાં કાર્બનનો એક અને ઓકસીજનના બે અણુઓ સામેલ છે. પર ગ્રહની કોઈ વધુ વીકસીત સંસ્કૃતી જો ટેલીસ્કોપ મારફત આપણા ગ્રહને નીહાળે તો, તે તેને કાર્બન સંસ્કૃતી તરીકે ઓળખે કારણ પૃથ્વી પરનું સંપુર્ણ જીવન આ કાર્બન અણુ અને તેના સંયોજનોનું રચાયેલું છે.

કાર્બનડાયોકસાઈડ હવામાં કુદરતી પણે સર્જાતો સ્વાદ અને ગંધ રહીતનો અદ્દેશ્યમાન વાયુ છે. તે ઓકસીજન જેટલો જ મહત્ત્વનો છે, પણ ખોટાં કારણોસર નીયમીતપણે સમાચાર માધ્યમોમાં તે અગ્રીમ હરોળનું સ્થાન મેળવે છે. જગતવ્યાપી વધતા તાપમાન ઓગળતા ગ્લેશીયર અને વધતા સમુદ્રના સ્તર માટે તેને કસુરવાર ગણી ભાંડવામાં આવે છે.

કુદરત કાર્બનડાયોકસાઈના સર્જન અને ઉપભોગ વચ્ચે અતી નાજુક સમતુલન જાળવી કાર્ય કરે છે, પરંતુ ઔદ્યોગીક ક્રાંતી બાદ વાતાવરણમાં કાર્બનડાયોકસાઈડના સ્તરમાં અમાપ વૃદ્ધી જોવામાં આવી. પરીણામે જીવસૃષ્ટીએ આબોહવા પરીવર્તન અને ઉષ્ણતામાનવૃદ્ધી જેવી હાનીકારક અસરોના ભોગ બનવું પડયું છે. આને કારણે કાર્બનડાયોકસાઈડને ખલનાયક તરીકે બદનામી મળી. સરળ બુદ્ધી થકી નીશ્કર્ષ એવો થાય કે આ ખલનાયકની બાદબાકી કરવામાં આવે તો આબોહવામાં પરીવર્તનનો દોષ નાબુદ થઈ જાય, અને શુદ્ધ વાતાવરણ હાંસલ થાય. ખરેખર જો આવું થાય તો તેનાં વીધ્વંશકારક પરીણામો આવે. પૃથ્વી ઠંડી અને મૃતગ્રહ બની જાય. આથી કાર્બનડાયોકસાઈડ ખલનાયક નથી, પણ તેનો અતીરેક છે.

કાર્બનડાયોકસાઈડનાં વીવીધ સ્વરુપમાં અનેક ઉપયોગ છે. તે નીષ્ક્રીય અને અજ્વલનશીલ છે, તેમ જ સરળતાથી ખર્ચાળ પ્રક્રીયા વીના મોટા પ્રમાણમાં ઉત્પાદીત કરી શકાય છે. તેનો બહોળો ઉપયોગ ખાદ્ય અને તબીબી ઉદ્યોગ અને મનોરંજન ઉદ્યોગમાં રહયો છે. એક જીવનરક્ષક વાયુ તરીકે ઉંચા દબાણ હેઠળ તે પ્રવાહી સ્વરુપ ધારણ કરી લે છે, જેનો અગ્નીશામક તરીકે ઉપયોગ થાય છે કારણ દબાણથી મુકત થવાથી તે ફરી વાયુ સ્વરુપ ધારણ કરવાની પ્રક્રીયામાં ઉષ્ણતા શોષી લઈ અગ્નીશમનનું કાર્ય કરે છે. વેલ્ડીંગ કામમાં અને તરાપા અને લાઈફ જેકેટને ફુલવવા માટે પણ તેનો બહોળો ઉપયોગ છે. ખાદ્ય ઉદ્યોગમાં કાર્બનડાયોકસાઈડનો માત્ર ઠંડા પીણામાં પરપોટા પેદા કરવા પુરતો નથી, પણ કેક અને બ્રેડને ફુલવવા માટે પણ થાય છે. સુકો બરફ એટલે કાર્બનડાયોકસાઈડ વાયુનું ઘન સ્વરુપ. આ સુકા બરફે તો થીજાવેલા ખોરાકના પરીવહનમાં ક્રાંતી સર્જી છે. તેની સપાટી પરનું તાપમાન ઋણ ૭૮.૫ સેન્ટીગ્રેડ હોવાથી બહારથી વીજળી જોડાણ વીના જ ખોરાકને તાજો રાખે છે. વળી તે પ્રવાહી સ્વરુપ ધારણ કર્યા વીના જ વાયુ સ્વરુપ ધારણ કરતો હોવાથી તે તબીબી સંશોધનમાં મહત્વની કામગીરી બજાવે છે. માનવ અવયવો પણ તેમાં કોઈ પ્રકારના ચેપ કે દુષણ વીના રાખી શકાય છે. સૌંદર્ય પ્રસાધન ક્ષેત્રમાં પણ તેનો બહોળો ઉપયોગ છે જેમ કે ત્વચાને પોલીશ કરવાથી માથાના ખોળાની સફાઈથી ખીલને દુર કરવા જેવા અનેક બુદ્ધીને ચકરાવે એવા તેના ઉપયોગો છે. મનોરંજન ઉદ્યોગમાં કૃત્રીમપણે ધુમ્મસ અને વાદળોના સર્જનમાં પણ કાર્બનડાયોકસાઈડ વાયુ જ વપરાય છે. કતલખાનામાં પશુ-પક્ષીના વધ પહેલાં તેમને સલામતપણે બેહોશ કરવા પણ આ જ વાયુનો ઉપયોગ થાય છે.

પ્રાકૃતીક ગેસ અને ખનીજ તેલ ઉદ્યોગમાં તેની મહત્વની ભુમીકા છે. તેને તેલકુવામાં ઈનજેકટ કરતા તે ક્રુડ તેલમાં ભળી જતો હોવાથી તેની ઘનતા ઓછી થઈ જતાં ક્રુડને સહેલાઈથી જમીનમાંથી મેળવી શકાય છે. એવું પણ સુચન છે અને વધુ સંશોધન થઈ રહયું છે કે હવામાંથી વધારાના કાર્બનને એકત્રીત કરીને બીન-ઉપાર્જીત અને ત્યજી દેવાયેલા તેલ કુવાઓમાં અને સમુદ્ર તળીયેના ખડકો ભીતર તેનો સંગ્રહ કરી શકાય છે. આ વીષયે જંગી મુડી રોકાણ છે કે મોટે પાયે અને સલામતી પુર્વક તેને ધંધાદારી સ્તર પર કાર્યાન્વીત કરાય.

કાર્બનડાયોકસાઈડ વાયુને હાઈડ્રોજન સાથે ભેળવી શુદ્ધ કાર્બન ન્યુટ્રલ ઇંધણ તૈયાર કરવાના પ્રયોગોએ પણ ઘણી આશા જન્માવી છે. જેથી રુઢીગત કહેવત મુજબનું ‘કેંક રાખવા પણ મળે, ને તે ખાવા પણ મળે’ એવી સ્થીતી સર્જાય.

આમ કાર્બનડાયોકસાઈડને આશીર્વાદ સમો કે વેરી સમો સમજવા કરતા ક્ષીરનીર માફક એને નીરપેક્ષતાથી નીહાળવો જોઈએ. તેના અભાવથી તરસ્યા રહેવાય, અને અતીરેકથી રેલ આવે અને વીનાશ સર્જાય. હકીકતમાં કાર્બનડાયોકસાઈડ પરની જગતવ્યાપી ચર્ચા અને પૃથ્વીના ઉષ્ણતામાનની વૃદ્ધી માનવને એક વધુ તાકીદ કરે છે કે એ સંસાધનોની મર્યાદામાં અને વીશાળ કુદરત સાથે સમતુલનમાં રહે. આમ રેશનાલીસ્ટોએ તે જોવું જોઈએ કે જળ-વાયુ સંતુલન સાધવાના અતી ઉસ્તાહમાં આપણે કાર્બન ડાયોકસાઈડને સા'વ તરછોડી નહીં દઈએ.

## જાદવ પુછે છે

સત્યશોધક સભાના મંત્રી જાદવ વેકરીયા પુછે છે : માણસ સીવાયની કોઈ જાતી પર્યાવરણને નુકસાન પહોંચાડે છે ખરી ?

જવાબ : હા. બધા જ પ્રાણીઓ ઓકસીજન વાપરી કાર્બનડાયોકસાઈડ છોડે છે. જયાં માણસ એક વાર પહોંચ્યો નહોતો એવા આફ્રીકાના જંગલમાં માણસ જ્યારે પહોંચ્યો ત્યારે એણે જોયું કે ત્યાંના મદમસ્ત હાથીઓએ ૧૦૦થી પણ વધારે વનસ્પતીની પ્રજાતીનો સર્વનાશ કર્યો હતો. માણસના પક્ષે જે સમજ ઉભી થઈ છે કે એના કરતુતોને કારણે પર્યાવરણને નુકસાન પહોંચે છે, તે અપવાદરુપ છે. માણસ નામનું પ્રાણી જ આ બાબત સમજયું છે, અને બુદ્ધીશાળી છે એટલે એની પાસે અપેક્ષા જરુર રાખી શકાય કે એ પર્યાવરણની સમતુલા જાળવશે, આગળ વધીને અન્ય નુકસાનકર્તા પ્રાણીઓને પણ તે અટકાવશે. માણસ સાથે હળી ગયેલાં પ્રાણીઓ પૈકી ગાય સૌથી વધારે પ્રદુષણ ફેલાવે છે. સૌથી મોટા ઘાતક મીથેન નામના વાયુને એ મોટા પ્રમાણમાં છોડે છે. માનવવસ્તીમાં ઉડતા કબુતર સૌથી મોટા પ્રદુષક છે. એની ચરક મોટું પ્રદુષક છે. જળસપાટીની કીલ્લેબંધી કરતી વનસ્પતી અને જંગલોમાં આપોઆપ લાગતી આગ પર્યાવરણને ખુબ નુકસાન પહોંચાડે છે. ફાટતો જવાળામુખી પર્યાવરણને ભયંકર નુકસાન કરે છે. અમુક કદથી વધારે ઉલ્કાનો પ્રપાત થાય તો પળભરમાં સમગ્ર પર્યાવરણ નાશ પામે. ડીનોસોર સમયની સમગ્ર જીવસૃષ્ટી આવા પ્રયાસથી નાશ પામી હતી. માણસ નામનું પ્રાણી જયારે અસ્તીત્વમાં આવ્યું તે પુર્વે પૃથ્વી છ વાર બંજર બની ચુકી છે. માણસ છે એટલે આશા બંધાઈ છે કે એ પૃથ્વીને સાતમી વાર બંજર બનતી અટકાવશે કારણ કે એની પાસે બુદ્ધી છે. (સુ.)

# શ્રદ્ધાળુને સવાલો (૨)

–શમજી માવજી દવે

બગસરા (જી. અમરેલી)

- પહેલા ખુબ જ બાળમરણ થતાં હતાં. હવે થતા નથી. પહેલા લોકોનું સરેરાશ આયુષ્ય ઘણું ઓછું હતું. હવે ઘણું વધ્યું છે, તો આ ઈશ્વરે કરેલો સુધારો છે કે માનવે કરેલ વૈજ્ઞાનીક પ્રગતીનો પ્રતાપ છે ?
- કેટલાંક સમયસર અને યોગ્ય સારવાર પામવાથી બચી જાય છે, અને કેટલાક સમયસર અને યોગ્ય સારવારના અભાવે મરી જાય છે. આમાં ઈશ્વરનો હાથ કેટલો ?
- માણસ ગમે તેટલો શ્રદ્ધાળુ હોય કે ધર્મગુરુઓ ગમે તેટલા ચમત્કારીક હોય તો પણ એને ડોકટરની સેવા લેવી પડે છે. આમ કેમ ?
- બધાનો ઈશ્વર એક જ હોય અને બધા ધર્મનો મુળ પ્રવર્તક ઈશ્વર હોય તો બધા ધર્મોના સીદ્ધાંતમાં સમાનતા અને આદેશમાં એકતા કેમ નથી ? એક જ ધર્મ, સંપ્રદાય અને પંથોમાં કેમ વીભાજીત થતો જાય છે ?
- ઈશ્વરે આ રુડુ વીશ્વ રચ્યું હોય તો તેના વીશ્વમાં ધર્મ, રંગ-રુપ, જાતી-જ્ઞાતીભેદ, સંસ્કાર અને સંસ્કૃતી ભેદ શા માટે ? બધામાં એક જ આત્મા વસતો હોય તો ઉંચ-નીચના ભેદભાવ કોણે ઊભા કર્યા ? (મનુસ્મૃતી વાંચીએ તો આપણે આવી હલકી મનોવૃત્તીનો ખ્યાલ આવે.)
- એક યુગમાં જે પ્રજા અને પ્રદેશ પતીત-પછાત હતી. તે પ્રજા પ્રગતીશીલ અને પ્રદેશ સમૃદ્ધ બન્યા છે. એનું શું કારણ હશે ? ભારતના અસ્પૃશ્ય, આદીવાસી અને શુદ્ર ગણાતા લોકો શીક્ષીત સમૃદ્ધ બન્યા છે તે કયા કર્મ અનુસાર બન્યા હશે ? આખે આખી પ્રજાનો પુનર્જન્મ કયાં કારણે થયો ?
- ભુતકાળમાં મોટા ભાગની પ્રજા સુખ-સગવડ વીહોણી હતી, અને હાલ તે સુખ અને સુવીધાવાળી બની છે, તો ભુતકાળની પ્રજા પર ઈશ્વર શા માટે ક્રુર હતો ? અને હાલની પ્રજા પર શા માટે કૃપાળું છે ?
- આત્મા એ જ પરમાત્મા હોય અને આત્માનો ગુણ-ધર્મ એક જ હોય તો જીવો જુદા જુદા પ્રકારના અને સ્વભાવના કેમ છે ?
- આપણો પ્રાણ-જીવ, આત્મા અને પરમાત્મા કહીએ છીએ તે એક છે કે અલગ ? આપણે મન, બુદ્ધી, ચીત્ત કહીએ છીએ તે એક છે કે અલગ ?

- દરેક જીવ-જંતુ-વાયરસ વનસ્પતી, પ્રાણી, પશુ-પંખી અને માનવમાં જે જીવ કે આત્મા છે તે એક સમાન જ હશે ? ડાયનોસોર, હાથી, ગેંડા, વહેલ જેવા પ્રાણી બહુ મોટા છે તો કીડી બેકટેરીયા વાયરસ જેવા સુક્ષ્મ જંતુઓ હોય છે તો આત્મા-જીવ-એના કદ પ્રમાણે હશે ? બતક, પશુ, પક્ષી જેમ મોટા થાય એમ શું એ વીસ્તરતો જતો હશે ? બાળક જન્મે પછી છઠ્ઠીના લેખ વીધાતા લખે છે એ મુજબ જ એનુ જીવન જીવવાનું હોય તો જન્મની, રાશીફળની, પુનર્જન્મની વાત ખોટી ઠરે છે કે નહી ?
- ચોઘડીયા અને શુકન - અપશુકનના આધારે જ પરીણામો આવવાના હોય તો જન્મ - કુંડળી કઢાવવાનો કશો અર્થ છે ખરો ? લગ્નનો આરંભ શુભ મુહુર્તે થાય છે તો કેટલાકમાં પરીણામ કલહ, કજીયા, છુટાછેડા અને આત્મહત્યામાં કેમ આવે છે ?
- બાળકને પસંદગીનાં મા-બાપ મળી શકતા નથી એમ એમને પસંદગીનો ધર્મ મળતો નથી. પરીવારનો ધર્મ એ એનો ધર્મ. ધર્મમાં માની લેવાનું સ્વીકારી લેવાનું હોય છે. એમાં તાર્કીક સલાલ કરી શકાતા નથી કે વીવેકથી સમજપુર્વકનો નીર્ણય લેવાની કે જાહેર કરવાની સ્વતંત્રતા નથી. શકતી પ્રદર્શન કરી ટોળા રચી, ઝનુન બતાવી સાચાને દબાવવાનો હોય છે તો સત્ય ધર્મ કે ધર્મના સત્યને અવકાશ છે ખરો ?

## શું પ્રકાશનાં કીરણો કરતાં પણ વધારે ગતી ?

અવકાશમાં જરાયે વળાંક વીનાના સમયવાળી પરીસ્થીતીમાં ન્યુટનના મતના આધારે સીદ્ધાંતોના રચીત ભૌતીકશાસ્ત્રી એવું જણાવે છે કે તેનાં જે બળો કામ કરે છે તે પદાર્થોને જરા ભેદ ભરમથી હેરવે-ફેરવે છે. જે બે દળ વચ્ચે કઈ પ્રક્રીયા આધીન ગુરુત્વાકર્ષણ કામ કરે છે તે તપાસવાનું ન્યુટનને જરુરી જણાયું નહોતું. વીસમી સદીમાં આઇનસ્ટાઇને સાપેક્ષવાદનો વીશીષ્ટ સીદ્ધાંત આપ્યો. એનાથી અવકાશમાં ગતીની મર્યાદા સમજાઈ કે જે ગતી થકી માટીની તબદીલ થતી હોય છે. આ સમજણ ઉભી થવાને કારણે ન્યુટને ભલે આ પ્રક્રીયાને તપાસવાનું જરુરી નહીં માન્યું, પરંતુ હવે એ પ્રક્રીયાની અનુભુતી પણ થવા માંડી. આથી એને તપાસતા માલુમ પડયું કે શુન્યાવકાશમાં જો અસામાન્ય ગુરુત્વાકર્ષણ હોય છે. માહીતી પ્રકાશના કીરણોની ગતી કરતાં પણ વધારે ગતીથી આગળ વધે છે. આથી જે કણો વીવીધ દળની વચ્ચેથી પસાર થતા હોય તેવા કુદરતના બળોને ચીત્રાંકીત કરી શકાયા.

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## સીકંદર થઈ ગયા

–'જુગ્નુ' ધોલવી

સત્યવાદી પર અહીં જાદુ ને મંતર થઈ ગયા,
એટલે તોઆજ તકવાદી સીકંદર થઈ ગયા.
નાક મેલી નાચનારા રુપ બદલી અવનવા,
કર ફેલાવી કાલ ફરતા, તે તવંગર થઈ ગયા.
આચરી તેણે અનીતી એટલે તો જોઈ લો,
મન ભરીને મેળવી હેવાન સુંદર થઈ ગયા.
ધન થકી કીંમત થકી બસ જોઈ જો માનવતણી,
તો બધા ગુણવાન આજે ઘરની અંદર થઈ ગયા.
દેશ ભકતીના કવચમાં ધર્મનીષ્ઠા હોય પણ,
આજ ત્યાં પણ જોઈ લો, જુદા જ મંજર થઈ ગયા.
લાગણી નીજ દેશની ભીતર મહીં ના જોઈ પણ,
અન્ય નચવે તેમ નાચે તેવા બંદર થઈ ગયા.
જો ખરી તેને હકીકત મેં કહી મહેફીલ મહીં,
બડબડ ગુસ્સો કરી મુંગા સદંતર થઈ ગયા.
જે કદી સાથી ન પલભર સાથ મારો છોડતા,
લાગણીમાં આજ 'જુગ્નુ' બની અંતર થઈ ગયા.

**(મુસ્લીમ રાઈટર્સ એકેડેમી પ્રકાશીત 'એક છત્ર નીચે' માંથી સાભાર)**

કૃત્રીમ બુદ્ધીથી તૈયાર થતા માણસો પાસે શું નહીં હશે ? હમણાં તો એવું લાગે છે કે એની પાસે પુર્વગ્રહો, શ્રદ્ધા, વહેમ, અંધશ્રદ્ધા નહીં હોય !

કૃત્રીમ બુદ્ધીવાળા 'નવા' જ માણસો પેદા થઈ રહ્યા છે. આપણી બુદ્ધી અને સંવેદનાઓ બધું જ એમની પાસે છે. પરીણામે હવે હીરાની જેમ 'કુદરતી' અને 'સીન્થેટીક' માણસો મળશે !

# અનસુયાબેન સારાભાઈ : મીલમજુરોની મા

**–ભગવાનજી રૈયાણી**

મુંબઈના તેજપાલ હોલમાં ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થઈ. એ જ વર્ષે અમદાવાદના એક ઉદ્યોગપતી મગનલાલ સારાભાઈ અને ગોદાવરીબેનને ત્યાં એક બાળકીનો જન્મ થયો. નામ રાખ્યું અનસુયા. એનાથી નાનાં બે અંબાલાલ અને કાન્તા. તેઓ નવ, પાંચ અને એક વર્ષનાં હતાં, અને મા-બાપ ગુજરી ગયાં. કાકાએ ઉછેર્યા. અંબાલાલ ભણવા જાય, પણ કાકા કહે કે, 'છોકરીઓએ ભણવાનું નહીં.' ૧૩ મે વર્ષે અનસુયાને સાસરે વળાવી, પણ પતી ભણવામાં અને કામમાં નબળો હતો, છતાં દસ વર્ષ સુધી સંસારનું ગાડું ગબડાવ્યું. છેવટે છુટાં પડયાં. એ દરમ્યાન તેઓ ભણ્યાં અને અંબાલાલભાઈને ત્યાં પીયરમાં પરત થયા, અનસુયાબેન અવકાશ વીજ્ઞાનના જનક વીક્રમ સારાભાઈના ફોઈ. વીક્રમભાઈના પત્ની દર્પણ ડાન્સીંગ એકેડેમીના સ્થાપક, અને પુત્રી મલ્લીકા પણ ખ્યાતનામ ડાન્સર ફીલ્મ અને ડ્રામાની એકટ્રેસ. ભાઈ અંબાલાલ કેલીકો મીલના સ્થાપક, ટેક્ષટાઈલ ઈન્સ્ટ્રીયાલીસ્ટ. આવો એમનો પરીવાર.

ભાઈ-બેનના નીર્વ્યાજ પ્રેમ વીશે તો કથાઓ અને કવીતાઓમાં અઢળક લખાયું છે. એવો જ પ્રેમ અનસુયા અને અંબાલાલ વચ્ચે અંત સુધી જળવાઈ રહ્યો. એક જ ઘરમાં રહેતાં, પણ રસ્તા જુદા હતા. ભાઈ અંબાલાલ મોટો મીલમાલીક અને મોટી બહેન ગરીબ મજુરોના આંસુ લુંછવાનું કામ કરવા માટે મીલમાલીકો સામેની લડતમાં ! તેઓ સાસરે હતાં ત્યારે પણ ગરીબ મીલ વર્કસની સેવામાં લાગી ગયેલા. ઘરે શીક્ષક રાખીને ગ્રેજયુએટ થયાં. અંબાલાલભાઈએ ડોકટર બનવા એમને લંડન મોકલ્યા, પણ એ અભ્યાસમાં તો પ્રાણીઓ અને મુડદાનું ડીસેકશન (વાઢકાપ) કરવું પડે, જે એમના જૈન સંસ્કારોને માફક આવે તેમ નહોતું. તેઓ લંડન સ્કુલ ઓફ ઈકોનોમીકસમાં દાખલ થયા. વરસ પુરું થયું, અને તાર મળ્યો કે નાનીબેન કાંતાનું નીધન થયું. અભ્યાસમાંથી મન ઊઠી ગયું, અને વતન પાછા ફર્યા. અમદાવાદમાં પ્લેગે ભરડો લીધો. મીલમજુરો ગામડે જવા ભાગવા લાગ્યા. અનસુયાબેન મજુર પ્રવૃત્તી શરુ કરી જ દીધી હતી.

ટેક્ષટાઈલ મીલમાલીકોના એસોસીએશને અનુયાબેનને વીનંતી કરી કે મજુરોને અમદાવાદ ન છોડવા સમજાવે. બહેને કહ્યું કે કલાકના ૧૨-૧૫ પૈસા 'પ્લેગ બોનસ' આપો તો એમને સમજાવું, અંબાલાલભાઈ કહે કે, 'બેન તમે તો મીલ બંધ કરાવશો. આ વધારો અમને પોષાય નહીં.' ૧૯૧૭માં આ વાટાઘાટો પડી ભાગી, અને અનસુયાબેનના મીલમજુર સંગઠને હડતાલ પાડી, છતાં મીલમાલીકો મક્કમ રહ્યા. એમની માગણી પગાર વધારા સાથે સ્ત્રીમજુરોના બાળકો

સારુ ઘોડીયાઘર અને નર્સરીઝ શરુ કરવાની પણ હતી. અંબાલાલભાઈ સમજાવતા રહ્યા, પણ મોટાબેન કહે કે, 'મારે જે કરવાનું છે, એ જ હું કરી રહી છું.'

૩૬ કલાકની સળંગ ડ્યુટી કરીને પાછી ફરતી મહીલાઓએ અનસુયાબેનને રાવ કરી કે તેઓ તદ્ન થાકી ગઈ છે. અમે બંને કામ કરીએ તો પણ સારું થતું નથી. આ સમાચાર ગાંધીજી પાસે પહોંચ્યા. અનસુયાબેને એમને અમદાવાદ આવવા વીનંતી કરી. આ મોટાબેન સાથીઓ સાથે એમને મળવા ગયાં. 'અમે ૫૦ ટકા પગારવધારો માંગ્યો છે. પણ મીલમાલીકો ટસના મસ થતા નથી.' ગાંધીજીનું અમોઘ શસ્ત્ર એટલે સત્યાગ્રહ. તેઓએ સારાભાઈના શાહીબાગમાં આવેલ શાંતીસદન બંગલાની અગાસી પર ટેક્ષટાઈલ એસોસીયેશન સાથે વાટાઘાટો ચલાવી, પણ પરીણામ શુન્ય. ગાંધીજી ઉપવાસ પર બેસી ગયા. અંતે ૩૫ ટકા પગાર વધારા પર ઉભય પક્ષે સહમતી સધાઈ. બાપુએ મોટાબેનને મજદુર મહાજન સંઘના આજીવન પ્રમુખ તરીકે નીયુકત કર્યા. ગાંધીજીને એમણે પ્રેરણારૂપ માન્યાં.

આ જ લેખમાળામાં પખવાડીયા પર આવેલ લેખ નામે 'વીશ્વવીભુતી ઈલાબેન ભટ્ટ' જેમણે સેલ્ફ એમ્પ્લોઈડ વીમેન્સ એસોસીયેશન(સેવા)ની સ્થાપના કરીને લાખો સ્ત્રીઓને સેવા બેન્ક દ્વારા માઈક્રો લોન અપાવીને પગભર કરી. ઈલાબેન પણ મોટાબેન સાથે જોડાયા. એમનાથી એટલા પ્રભાવીત થયા કે એમણે અનુસુયાબેનને પોતાનાં મેન્ટર (રાહબર) માન્યાં. ઈલાબેને એમની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરીષદોમાં અનસુયાબેનનાં કામની ભરપુર પ્રશંસા કરી. હવે આ બંનેમાંથી કોઈ આપણી વચ્ચે નથી. ૯૦ વર્ષ પહેલાં જન્મેલ ઈલાબેનનું શરુઆતનું ભણતર અનુસુયાબેને મીલમજુરોની દીકરીઓ માટે શરુ કરેલ કન્યાગૃહમાં થયેલું. જો કે તે પોતે પણ એક ખાતેપીતે સુખી પરીવારના પુત્રી હતા.

દુનીયાનું મહાકાય સર્ચ એન્જીન ગુગલ જે ખુણે ખુણેથી માહીતી મેળવીને આપણને પીરસતું રહે છે એ ભાગ્યે જ કોઈ જીવીત કે મૃતક વ્યકતીને અંજલી આપે છે, પણ અનસુયાબેન માટે એણે અપવાદ કર્યો છે. ૧૧ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ ગુગલે અનસુયાબેનનો જન્મદીન ઉજવીને એમને ભાવાંજલી આપી હતી.

(અનસુયાબેન, ઈલાબેન અને એવી અજોડ મહીલાઓએ બીલકુલ રુઢીચુસ્ત અને પુરુષપ્રધાન સમાજમાં પણ જે રેશનલ વર્તણુંક અપનાવી સમાજને વધારે સુખી-આનંદી બનાવવા જે તનતોડ મહેનત કરી તેની સાદર નોંધ લેવા ભગવાનભાઈનો મુંબઈના જન્મભુમી પ્રવાસી' તા. ૫-૨-૨૩ના રોજ પ્રસીદ્ધ થયેલ લેખને સાંભાર સાથે રજુ કર્યો છે. -સુ.)

## સાહીત્ય પર વીજ્ઞાનની અસર

આપણા રમેશ પટેલે કવી શ્રી મધુ કોઠારીની 'સર્જનયાત્રા' પુસ્તક લખ્યું છે. એમાં એમણે હરેશ તથાગતનો મધુ કોઠારીની સાથેની મુલાકાતનો અહેવાલ આપ્યો છે. નીચેના બે પ્રશ્નો અને તેના ઉત્તરો સુચવે છે કે સાહીત્ય પર વીજ્ઞાનની અસર પડે છે.

(૧) તમને આધુનીક કવીતા સર્જવાનું શાથી સુઝયું ?

ઉત્તર : મને એવું વાતાવરણ મળ્યું કે જેથી હું Experimental Attitude ધરાવતો થયો.

(૨) તમને બધા આધુનીક કવી કહે છે, તે કઈ દષ્ટીએ ?

ઉત્તર : એક તો હું કવીતામાં આધુનીક જીવનમાં ડોકીયું કરીને નવા કલ્પન અને પ્રતીકો લઈ આવું છું. દા. ત. સેટેલાઈટ, અંતરીક્ષયાન, ટાઈપરાઈટર વગેરે Poetic Tools તરીકે નવાં ઓજારો પણ શોધી કાઢયાં. દા. ત. : મનોપ્રતીક (Psychological symbol) ઐતીહાસીક પ્રતીક (Historical symbol) વગેરે. મેં કાવ્ય-સંગ્રહોનાં નામ પણ બને તેટલાં આધુનીક રાખ્યાં છે. જયારે કાવ્ય-સંગ્રહોનાં નામ સંસ્કૃતનાં નામને બદલે બને તેટલા આધુનીક રાખ્યાં છે. જયારે કવીઓ કાવ્ય-સંગ્રહોનાં નામ સંસ્કૃતમાં રાખતા. દા.ત. લીપી, આવકાર, લય ત્યારે મેં મારા પ્રથમ કાવ્ય-સંગ્રહનું નામ 'ચાવીને થુંકી દઉ છું', એવું રાખ્યું હતું ! ત્યાર પછી 'ઓફલીટ' 'પેનોરમા', 'માફકસર' વગેરે નામ રાખ્યાં છે. આમાંથી તમે ગતાનુગતીકમાંથી છુટકારો મેળવવાની મારી મથામણ જોઈ શકશો.

## સત્યશોધક સભાનાં પ્રકાશનો


| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડૉ. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડૉ. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડૉ. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડૉ. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડૉ. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધઅજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

મેળવવા માટે મ. ઓ. કરો

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of posta

# બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા–૧૦

**–સુર્યકાંત શાહ**

અગીયારમા અધ્યાયના બત્રીસમાં શ્લોકનું અર્થઘટન આપતા પ્રભુપાદે કૃષ્ણના મુખે બોલાતી વાણી આ પ્રમાણે રજુ કરી : 'હું સર્વે વીશ્વોનો મહાવીનાશ કરનારો કાળ છું, અને અહીં હું બધા માણસોનો નાશ કરવા આવ્યો છું. તમારા (પાંડવો) સીવાય બંને પક્ષના તમામ યોદ્ધાઓ વીનાશ પામશે !' વાંસળી વગાડતા અને સર્વત્ર પ્રેમના પ્રતીક ગણાતા કૃષ્ણ પાંડવો પરત્વે પક્ષપાત રાખી એમને જીવતા રાખે અને બન્ને પક્ષના બાકીનાને મારી નાંખે તે બાબતને શીક્ષકો શું એમ સમજાવશે કે અભીમન્યુને કૌરવોએ નહીં, પરંતુ કૃષ્ણએ માર્યો હતો ? આ સમજાવતા-સમજાવતા શીક્ષકો જાણે શીર્ષાસન કરતા હોય એવી અનુભુતી નહીં થાય તો નવાઈ !

તેત્રીસમા શ્લોકમાં તો પ્રભુપાદ કૃષ્ણના મુખે આ વાકય બોલાવે છે. 'મારી યોજના દ્વારા તો તેઓ બધા મૃત્યુ પામેલા જ છે, અને હે સાચી, તું તો યુદ્ધમાં નીમીત્તમાત્ર થવાનો છે !' પ્રવર્તમાન બુદ્ધીજીવીઓ આધુનીકતાના પ્રસ્થાપીત માનવ-કેન્દ્રી મુલ્યોને જાણે છે. આથી તેઓ બુદ્ધીનો ભ્રષ્ટાચાર કરે છે. કૃષ્ણ તરફથી બોલાયેલા આ અને એવાં અનેક વાકયોનું તેઓ તોડીફોડીને એવું અર્થઘટન કરે છે કે જે પ્રવર્તમાન માનવમુલ્યો સાથે બંધબેસતા થાય. આવા ભ્રષ્ટ બુદ્ધીજીવીઓએ બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા ભણાવનારા શીક્ષકોને ખાસ તાલીમ આપવી પડશે અને મરેલાને અર્જુન મારે તે મુડદાને મારેલું નહીં કહેવાય તે સમજાવવું પડશે. તો જ તેઓ તેવી ભ્રષ્ટ બુદ્ધી વીદ્યાર્થીઓને આપી શકશે. એમણે એ સમજાવવું પડશે કે મરેલાનો વધ કરી શકાય !

(આ ચર્ચા ચાલે છે તે દરમીયાન, 'આર.એસ.એસ.ના વડા શ્રી ભાગવતે જાહેર કર્યું કે જાતી, જ્ઞાતી, વર્ણ માણસે પેદા કર્યા છે.' એનો વીરોધ કરનારા અને ગીતાના ઉંડા અભ્યાસીઓએ જણાવ્યું છે કે, 'ગીતામાં ખુદ કૃષ્ણે જ વર્ણવ્યવસ્થા પેદા કર્યાનું જણાવ્યું છે. આથી ભાગવતનો મત ખોટો છે.' ગીતાનું અર્થઘટન કરવા માટે જેમને અધીકારી ગણાવી શકાય તેઓ જ જો ગીતાને વર્ણવ્યવસ્થાની જનક જણાવતા હોય તો તે ગીતાને બીનસાંપ્રદાયીક શીક્ષણક્ષેત્રે કેમ કેમ ભણાવી શકાશે ? (સુ)

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**